# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika




વર્ષ : ૦૧ ૨૦૨૫ : માર્ચ

અંક : ૦૩



: તંત્રી :

શ્રી દિલીપભાઈ પંડ્યા

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



: પ્રકાશક :

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
(શ્રીમતી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન) ૧–૨, રામેશ્વર એપાર્ટમેન્ટ,
બાજખેડાવાળ સોસાયટી પાસે, મણીનગર (પૂર્વ), અમદાવાદ–૮. મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

**એક નમ્ર અપિલ**

વ્હાલા જ્ઞાતિજનો,

જય ભારત સાથે જણાવવાનું કે, આપણાં સમાજની કુળદેવી ક્ષીરજામ્બા માતાના મંદિરે રીનોવેશન તથા કલર કામ ચાલુ કરેલ છે. આવા સંજોગોમાં અંદાજિત રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ)નો ખર્ચ થાય તેમ છે માતાજીની અસીમ કૃપાથી આપણે સૌ માતાજીના આ ભગીરથ કાર્યમાં ફૂલ નહીં અને ફૂલની પાંખડી આપી મદદરૂપ થઈએ તો ખૂબ જ આશીર્વાદ રૂપ થાય.

આપના પરીશ્રમથી અને માતાજીના આશીર્વાદથી આપણે જે–તે પ્રાપ્ત કર્યું છે તેમાંથી કંઈક આપણે માતાજીના ચરણોમાં અર્પણ કરીએ એવી નમ્ર અપીલ છે.

અગાઉ આ રીતેની અપીલથી માત્ર એક કલાકમાં રૂ. ૧,૪૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર)નું દાન આપ સૌ દ્વારા મળેલ છે. ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપ સૌ આમાં યોગદાન આપી આ અમૂલ્ય અવસરનો લ્હાવો મેળવશો.

નીચે મુજબની વિગતથી આપ દાન આપી શકો છો.

કલર કામ માટે, પલંગ બનાવવા માટે, ગાદલા લાવવા માટે, નાનું–મોટું ફર્નિચર રીપેરીંગ, નાનું–મોટું કન્સ્ટ્રકશન રીપેરીંગ, જાજરૂ–બાથરૂમ બનાવવા માટે, ગરમ પાણીના બંબા માટે જેવા કામો માટે આપશ્રી દાન આપી આભારી કરશો.

આપનું દાન નીચે આપેલ બેંકના એકાઉન્ટ નંબરમાં સીધા જમા કરાવી આપશ્રી એ આપેલ દાનનો સ્ક્રીન શોર્ટ, આપનો મોબાઈલ નંબર અને આપનું સરનામું મંદિરના પૂજારી જોષીને જેમનો નંબર (મો.) ૯૪૨૮૮૪૭૩૮૨ (વ્હોટ્સ એપ) પર મોકલી આપશો જેથી આપને પાવતી આપના ઘરે પહોંચી જશે.

| | | |
|---|---|---|
| BANK NAME | : | BANK OF BARODA |
| ACCOUNT NO. | : | 01810100002962 |
| RTGS/NEFT IFSC | : | BARB0VADALI (FIFTH CHARACTER IS ZERO) |
| BRANCH | : | VADALI - 383235 |

અગાઉ આપના તરફથી મળેલ સહકાર બદલ ખૂબ ખૂબ આભાર અને આ વખતે પણ આવો જ સહકાર મળશે તેવી અપેક્ષા.....

| | |
|---|---|
| **કિરીટભાઈ દવે** | **સમીરભાઈ દવે** |
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** |

# ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

## કોલેજ ફી સહાય

સંસ્થા તરફથી અપાતી કોલેજ ફી સહાય દરેક વિદ્યાર્થીઓના એકાઉન્ટમાં જમા આપવામાં આવેલ છે તો દરેક વિદ્યાર્થીઓ હવે પોતાની પાસબુક ભરાવી ફી સહાયની રકમ જમા મળી છે કે નહી તે અવશ્ય ચેક કરી લેવુ તેમજ જેની ફી સહાયની રકમ જમા ના થઈ હોય તેઓએ શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં કાર્યાલયમાં સંપર્ક કરવો.

## દવે ફાઉન્ડેશન ટ્રસ્ટ ફંડ

જે વિદ્યાર્થીના વાલીની આવક ૨.૫૦ લાખ કે તેથી ઓછી છે તેવા વિદ્યાર્થીઓને ઉપરોક્ત ટ્રસ્ટ ફંડમાંથી અમદાવાદ, નડીયાદ, મહુધા, આણંદ, સોજીત્રા, વસો, ખેડા, વડોદરા, ભરૂચ, સુરતના રહીશોમાં ભણતા–રહેતા વિદ્યાર્થીઓને ફી સહાય આપવામાં આવે છે. તેવા જે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલા છે તે તમામ વિદ્યાર્થીઓને ફીની રકમ તેમના એકાઉન્ટમાં જમાં કરવામાં આવેલ છે. તો પોતાના એકાઉન્ટ ચેક કરી લેવા.

## શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા અને શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા શૈક્ષણિક ટ્રસ્ટ ફંડ

ઉપરોક્ત ટ્રસ્ટમાંથી અમદાવાદ શહેરના જે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ છે તેઓને તેમના એકાઉન્ટમાં ફી સહાયની રકમ જમા કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે આ ટ્રસ્ટમાં લિમિટ ૨.૫૦ લાખની રાખેલ તેમાં વધારો કરી ૩.૫૦ લાખ કરવામાં આવેલ છે.

## શ્રીમતી ક. જ. પંડ્યા અને શ્રી જ. દ. પંડ્યા શૈક્ષણિક ટ્રસ્ટ ફંડ દ્વારા ફી સહાય મેળવી ચુકેલા વિદ્યાર્થીઓ સાથેના વાર્તાલાપ

તા. ૨–૩–૨૫ના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં ઉપરોક્ત ટ્રસ્ટમાંથી ફી સહાય મેળવી ચુકેલ વિદ્યાર્થીઓ સાથે ઉપરોક્ત ટ્રસ્ટના દાતા ટ્રસ્ટી શ્રી ગૌરાંગભાઈ પંડ્યાની હાજરીમાં તેમજ દાતાશ્રીના અન્ય ટ્રસ્ટીશ્રીઓ, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યોની હાજરીમાં એક શૈક્ષણિક વાર્તાલાપનું આયોજન કરવામાં આવેલ. આ વાર્તાલાપનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે જે વિદ્યાર્થીઓને આ ફી સહાયની રકમ મળવા પાત્ર થયી હતી તેવા વિદ્યાર્થીઓને આ ટ્રસ્ટમાંથી મળેલ સહાયથી તેમના અભ્યાસ જીવનમાં તેમજ તેમના વાલી ઉપર પડતા આર્થિક ભારણમાં શુ ફાયદો થયો તે અંગે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો તેમના અભ્યાસ વિશે સવિસ્તાર માહિતી આપેલ તેમજ તેમના વાલીઓએ આર્થિક ભારણમાં કેવી કેવી રાહત થયી તે અંગેની જાણકારી આપી હતી.

વિદ્યાર્થીઓની છણાવટમાંથી એક સુર એવો નિકળ્યો હતો કે આવી સહાય મળવાથી મારા વાલીનું આર્થિક ભારણ ઓછું થયું હતું એક માહિતી એવી પણ આવી કે મારા અભ્યાસના ચાર વર્ષના અભ્યાસ પૂર્ણ થતા લગભગ બે વર્ષની ફી મને સંસ્થા દ્વારા ચાલતા શૈક્ષણીક ટ્રસ્ટ ફંડોમાંથી મળી હતી. અમારે ફક્ત બે વર્ષની જ ફી ભરવી પડી હતી અને મારી ઈચ્છા પ્રમાણેનું એજ્યુકેશન મને મળ્યું હતું તો આવી સહાય મળતી ના હોત તો પણ અભ્યાસ કરતા પરંતુ વાલી

ઉપર વધારે આર્થિક બોજો પડત જે અમારા નિયમિત ખર્ચામાં કદાચ મુશ્કેલી ઉભી કરી શક્તું હોત આમ આવી સહાયથી જ્ઞાતિના વિદ્યાર્થીઓને ખૂબ જ મોટી રાહત મળી શકે છે.

એક મંતવ્ય એવુ પણ આવ્યું હતું કે ફંડમાં વધારો કરી વધુ સહાય કરવામાં આવે.

જ્યારે એક સુચન એવુ પણ આવ્યું હતું કે અમો અભ્યાસ પૂર્ણ કરી ચૂક્યા છીએ અને અમારી ઈચ્છા દાતા તો ટ્રસ્ટ ફંડમાં વર્ષો વર્ષ વધારો કરે જ છે. પરંતુ અમો પણ આ ટ્રસ્ટમાં સમયાંતરે ફુલ નહી ને ફૂલની પાંખડી સ્વરૂપે અમારી બચતમાંથી આપીશુ.

ઉપરોક્ત વાત થતાની સાથે જ દાતાશ્રી ગૌરાંગભાઈ પંડ્યાએ જણાવેલ કે જે ફંડ આ ટ્રસ્ટ ફંડમાં વર્ષ દરમ્યાન વધારાનું જમા થશે તેટલી રકમ હું પણ આ ટ્રસ્ટ ફંડમાં જમા કરીશ જેને સૌ હાજર વિદ્યાર્થીઓએ આનંદભેર વધારી લીધેલ જ્યારે એક વિદ્યાર્થી હાલ યુરોપ જઈ પોતાની જોબ કરે છે તે હાજર ન રહી શકવાના કારણે તે વિદ્યાર્થીએ પોતાની માતાને એક મેસેજ મોકલેલ તે મેસેજ વંચાણમાં લેવાયો હતો તેણે લખ્યું હતું કે,

હું તીર્થ કાનન મહેતા મારા અંતઃકરણની લાગણી સાથે અભિવ્યક્ત કરૂ છું કે આપની સંસ્થા તરફથી ચાલતા શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા અને શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડમાંથી મને મારા ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીના ડિપ્લોમાં અને ડીગ્રી એમ બંને અભ્યાસક્રમો પરિપૂર્ણ કરવા માટે સમયસર જે શૈક્ષણિક સહાય વર્ષોવર્ષ આપી છે જે માટે હું બધા જ ટ્રસ્ટીશ્રીઓનો તેમજ સંસ્થાનો અને દાતાઓને ખૂબ ખૂબ આભાર પ્રગટ કરૂં છું. આપની સંસ્થાની આ સમયસરની મદદથી જ હું મારો ઉપરોક્ત અભ્યાસક્રમ પરિપૂર્ણ કરી શક્યો છું. હાલમાં હું લકઝમબર્ગ, યુરોપ ખાતે એમેઝોન વિશાળ કાય કંપનીમાં મારી સેવાઓ આપી રહ્યો છું ફરીથી આપનો ખૂબ ખૂબ આભાર.

આમ ઉપરનો મેસેજ મોકલેલ સાથે સાથે આ ટ્રસ્ટ ફંડમાં રૂ. ૨૧૦૦૦/–નો ડોનેશનનો ચેક પણ જમા કરાવેલ સૌએ વિદ્યાર્થીની સરાહના કરી હતી. દાતાશ્રી ગૌરાંગભાઈ ભટ્ટે ધન્યવાદ પાઠવ્યા હતાં. સંસ્થાના પ્રમુખશ્રીએ ટ્રસ્ટ અંગેની વિગતવાર માહિતી આપી હતી તેમજ દાતા તરફથી ચાલુ વર્ષે એટલે કે આજરોજ આપવામાં આવેલ રકમ ટ્રસ્ટ ફંડમાં આપી ટ્રસ્ટ ફંડને મોટુ બનાવવામાં પોતાનો સિંહફાળો આપ્યો હતો જેને સૌએ હર્ષભેર વધાવી લીધેલ.

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૫૦,૦૦૦/– ધ અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન અને કલ્ચરલ સોસાયટી સંચાલિત શ્રીમતિ કમળાબેન જમીયતરામ પંડ્યા તથા શ્રી જમીયતરામ દયાશંકર ટ્રસ્ટ ફંડ તરફથી

**હોલ આધુનિકરણ ભંડોળ**

રૂ. ૫,૦૦,૦૦૦/– શ્રી જ્યોત્સનાબેન ગૌરાંગભાઈ પંડ્યા તરફથી

**મેડીકલ સહાય યોજના**

રૂ. ૨૦,૦૦૦/– ધ અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન અને કલ્ચરલ સોસાયટી સંચાલિત શ્રીમતી કમળબેન જમીયતરામ પંડ્યા તથા શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ તરફથી

**શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા શૈક્ષણિક સહાય ફંડ**

(૧) રૂ. ૨૦,૦૦,૦૦૦/– શ્રી ગૌરાંગભાઈ સુર્યકુમાર પંડ્યા તરફથી –યુ.એસ.એ. (૨) રૂ. ૫,૧૦,૦૦૦/– શ્રી શરદકુમાર જમીયતરામ પંડ્યા તરફથી – યુ.એસ.એ. (૩) રૂ. ૪૩૧૧૧/– શ્રી મૌલેશ પ્રવિણભાઈ પંડ્યા તરફથી – યુ.એસ.એ. (૪) રૂ. ૨૧૦૦૦/– શ્રી તિર્થકાનનબેન મહેતા તરફથી – યુરોપ (ભૂતપૂર્વ વિદ્યાર્થી)

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.
(મો.) ૯૭૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા દર વર્ષે સમૂહ અગિયારસ ઉજવણી રાખેલ હતી તેમાં મુખ્ય યજમાન બાજખેડાવાળ મહિલા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ ગં.સ્વ. ભાવનાબેન ઠાકર હતા. દર વર્ષની જેમ આ વર્ષે સમુહ જનોઈ તા. ૧–૩–૨૫ થી તા. ૩–૩–૨૫ રાખેલ છે. માતાજીની સ્થાપના તથા ગણપતિ પુજન શ્રીમાન સ્નેહલભાઈ દવે કરે છે અને રાત્રે ગરબા તથા માતાજીની સ્થાપના, બીજા દિવસે સવારે ૮.૦૦ કલાકે જનોઈની વિધીનો પ્રારંભ કરવામાં આવે છે. સાંજે બટુકને દોડાવી પછી માતજી લાવવામાં આવે છે. સૌ સાથે મળી માતાજીના નૈવેદ્ય ધરાવી સાંજે જમી સૌ છુટા પડે ત્રીજા દિવસે આનંદથી માતાજી વળાવવાની વિધિ કરવામાં આવે છે. દાતાઓના સહયોગ તથા મહિલા સમાજની બહેનોના અથાગ મહેનતથી (૨૨) વર્ષ પૂર્ણ કર્યા છે. દર વર્ષના નૈવેદ્યના દાતા (૧) અ.સૌ. સ્વ. આનંદગૌરી હસમુખભાઈ મહેતા હસ્તે દિનેશભાઈ હિતેશભાઈ (૨) દર વર્ષે નૈવેદ્ય બનાવવાની સેવા ગં.સ્વ. અલકાબેન જી. દેસાઈ આપે છે. મુખ્ય યજમાન મીત + સ્વર વિરલકુમાર દવે (જામનગર)

**સમુહ જનોઈ ભેટ**

(૧) રૂ. ૧૧૧૧૧/– જયંતભાઈ કે. કોટડીયા પરિવાર તરફથી (૨) રૂ. ૨૫૦૦/– ગં.સ્વ. જ્યોતિબેન અશ્વિનભાઈ ભટ્ટ પરિવાર તરફથી (૩) રૂ. ૧૧૦૦૦/– પ્રવિણભાઈ (હસ્તે અજંનાબેન દવે) (૪) રૂ. ૫૦૦/– દિગ્નાબેન પ્રણવભાઈ જોષી પરિવાર તરફથી (૫) હરિશભાઈ મહેતા – પાણીના જગની સેવા (દાતા) (૬) જનોઈના અલ્પાહારના કાયમી દાતા સ્વ.અ.સૌ ભારતીબેન જગદીશભાઈ દેસાઈ (વડોદરા) (૭) રૂ. ૧૦૦૦૧/– સ્વ. અ.સૌ. ભારતીબેન જગદીશભાઈ દેસાઈ (વડોદરા) (૮) રૂ. ૨૦૦૦/– પાણીની બોટલ સ્વ. અ.સૌ. આનંદગૌરી હસમુખભાઈ મહેતા પરિવાર તથા વર્ષાબેન ડી. મહેતા + સેજલબેન એચ. મહેતા તરફથી (૯) રૂ. ૫૦૦/– ડૉ. નીતીનચંદ્ર ઓચ્છવલાલ ભટ્ટ – નડીયાદ (૧૦) રૂ. ૫૦૦/– એક શુભ ચિંતક (૧૧) રૂ. ૫૦૦/– દક્ષાબેન કિશોરચંદ્ર ભટ્ટ (૧૨) રૂ. ૫૦૦/– નિર્મલાબેન એમ. દવે (નડીયાદ)

(૧૩) રૂ. ૧૧૦૧/– પ્રભાકરભાઈ ચંદુલાલ દવે (નડીયાદ) (૧૪) રૂ. ૧૧૦૦/– સ્વ. ગાયત્રીબેન બી. ભટ્ટ હસ્તે રાજુલ (૧૫) રૂ ૧૧૦૧/– ધીમંતભાઈ જે. ડણાક–વડોદરા (૧૬) રૂ. ૫૦૦૦૧/– વિરલકુમાર દિનેશચંદ્ર દવે (જામનગર) (૧૭) રૂ. ૨૦૦૦/– મૌલેશભાઈ આર. મહેતા (૧૮) રૂ. ૧૧૦૧/– જગદીશચંદ્ર સૂર્યકાંત દવે (જામનગર) (૧૯) રૂ. ૫૦૦/– બાજખેડાવાળ વયસ્ક મંડળ નડીયાદ (૨૦) રૂ. ૨૦૦૦/– સરોજબેન હસમુખભાઈ મજમુદાર હસ્તે વિમલભાઈ દવે (૨૧) રૂ. ૫૦૦/– ઈલાબેન નલિનકુમાર દવે (૨૨) રૂ. ૧૦૨૧/– પ્રવિણાબેન રાજેન્દ્રકુમાર દવે – આણંદ (૨૩) ડૉ. નીતનચંદ્ર ઓ. ભટ્ટ દરેક બટુકને દર્ભના આસન (૨૪) સ્કુલબેગ – સ્વ. લવકુમાર એ. ઠાકર (હસ્તે ભરતભાઈ ઉમરેઠ) (૨૫) ગાયત્રીની મૂર્તિ – સ્વ. લતાબેન + સ્વ. મનોજભાઈ પંડ્યા હસ્તે મનોજભાઈ શેલત (૨૬) પીતળની દીવી – સ્વ. અંજનાબેન મનોજભાઈ શેલત (હસ્તે મનોજભાઈ શેલત) (૨૭) સ્ટીલના ડબ્બા – ગં.સ્વ. નિર્મળાબેન એમ. દવે (૨૮) દંડ–ફુલહારની સેવા – અસ્મિતાબેન આર. દવે (ભૂતપૂર્વ પ્રમુખ) (૨૯) પીતામ્બર સ્વ. રામપ્રસાદ અંબાલાલ દવે, સ્વ. સવિતાબેન રામપ્રસાદ દવે હસ્તે જગદીશભાઈ રામચંદ્ર દવે (મહુધા) (૩૦) સ્ટીલના બાઉલ સેટ – ભીક્ષા સાથે – વીરબાળાબેન એમ. ખંભોળજા – ડાકોર (૩૧) પીતળની દીવી – સ્વ. ગુણવંતલાલ એસ. શેલત હસ્તે – જયેશભાઈ (૩૨) દીવી + ૫૧ રૂ. કવર સ્વ. અમિતભાઈ ઠાકર તરફથી દરેક બટુકને ભેટ (૩૩) ચાંદીના સિક્કા – ભાવનાબેન એન. શુકલ – નડીયાદ (બાજખેડાવાળ મહિલા પ્રમુખ) (૩૪) પાણીની બોટલ – અશ્વિનકુમાર રતિલાલ ભટ્ટ – નડીયાદ (૩૫) રૂ. ૧૦૧નું કવર દરેક બટુકને ગં.સ્વ. ભાવનાબેન જી. ઠાકર હસ્તેજીયાંશ રશેષ ઠાકર (૩૬) સ્વ. ઈન્દુપ્રસાદ સી. દવે ધોતી, કંકુ, જનોઈ + ૨૧ રૂ.નું કવર (હસ્તે મનોરમાબેન) (૩૭) સ્વ. સુવર્ણાબેન રામનારાયણ જોષી (ભગવતગીતા, વિષ્ણુસહસ્ર + ૨૧ રૂ.નું કવર) હસ્તે–દિનેશભાઈ જોષી – મંત્રી

**ભાવનાબેન શુકલ** — **પ્રમુખ**

**નિકેતા દવે** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ સમાજ – નડિયાદ

શ્રી બાજખેડાવાળ સમાજ નડિયાદ દ્વારા સૌ પ્રથમ વખત કુળદેવી શ્રી ક્ષિરજામ્બા મંદિર ખેડબ્રહ્મા મુકામે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.

મુખ્ય યજમાન શ્રી મૌલેશકુમાર આર. મહેતા તેમજ શ્રી દીપલભાઈ એચ. ઢગટ

સહ યમજાન તરીકે શ્રી મનુભાઈ જયંતીભાઈ દવે, રાજેશ્રીબેન હીરકભાઈ ભટ્ટ, શ્રીમતી સરલાબેન સુધાકરભાઈ ઢગટ લાભ લીધેલ હતો.

ગુરૂદેવ શ્રી સ્નેહલભાઈની ટીમ દ્વારા શાસ્ત્ર વિધિ પ્રમાણે સુંદર નવચંડી યજ્ઞની પૂજન વિધિ કરાવેલ હતી. કુળદેવીના ચાચર ચોકમાં માસીબા દ્વારા સુંદર ગરબાનો આનંદ લીધો હતો. કુળદેવીના ચાચર ચોકમાં માસીબા દ્વારા સુંદર ગરબાનો આનંદ લીધો હતો.

સમાજના જ્ઞાતિજનોએ લકઝરી બસ દ્વારા તેમજ પ્રાઈવેટ વાહનો મારફતે અંબાજીના પ્રવાસ સાથેનો નવચંડી યજ્ઞનો લાભ લીધેલ હતો.

છેલ્લા ૮ વર્ષથી ખેડબ્રહ્મા મુકામે નવચંડી યજ્ઞનું આયોજન કરવાનું ચાલતું હતું. પરંતુ માતાજીની કૃપા અને આશીર્વાદથી ચાલુ સાલે શ્રી ઉમેશભાઈ ઢગટના પ્રમુખ પદે કા સભ્યોએ સમાજની સુખાકારી માટે આયોજન સફળતાપૂર્વક પરિપૂર્ણ થયેલ છે.

ખેડબ્રહ્મા કુળદેવીની સાનિધ્યમાં જો કોઈ ગામ કે શહેર મંડળ દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હોય તો નડિયાદ શહેર પ્રથમ નવચંડી કરવાનો યશ મળેલ છે. સંસ્થાના ઉપપ્રમુખશ્રી મૌલેશભાઈ, પૂર્વ પ્રમુખ પ્રણવભાઈ, દિનેશભાઈ તંત્રી પ્રશાંતભાઈ કન્વીનર દિનેશભઈ મહેતા, વેદાંતભાઈ ઠાકરના કાર્યક્રમને સફળ બનાવવા સુંદર આયોજન કરવામાં આવેલ.

બે ટાઈમ ભોજન બે ટાઈમ ચા-નાસ્તો ઉપરાંત બસમાં આવનાર ૧૦૦ની સબસીડી આપવામાં આવેલ બપોરના સમયે ગુડ ડે બિસ્કીટ કારોબારી સભ્ય કિરીટભાઈ દવે તરફથી સેવા આપવામાં આવેલ આ કાર્યક્રમને સફળ અને સુંદર આયોજન કરવા બદલ ખાસ કરીને જ્ઞાતિજનો તેમ જ કન્વીનરશ્રી પ્રણવભાઈ, દિનેશભાઈ મહેતા તેમજ પ્રશાંતભાઈને આભાર સહ અભિનંદન.

નવચંડી યજ્ઞ પ્રસંગે નીચેના દાતાઓએ યોગદાન આપેલ છે.

રૂ. ૧૧૧૧૧/- શ્રી મૌલેશભાઈ આર. મહેતા, રૂ. ૧૧૧૧૧/- શ્રી દિપલભાઈ એચ. ઢગટ, રૂ. ૫૧૫૧/- શ્રી મનુભાઈ જે. દવે, રૂ. ૫૧૦૦/- શ્રી રાજેશ્રીબેન હિરેકભાઈ ભટ્ટ, રૂ. ૫૧૫૧/- શ્રી સરલબેન એસ. ઢગટ, રૂ. ૫૧૦૦/- શ્રી પરેશભાઈ એસ. ધોરા, રૂ. ૫૦૦૦/- શ્રી દિવ્યાંગકુમાર ઠાકર, રૂ. ૫૦૦૦/- શ્રી યથાર્થ સ્નેહલભાઈ દવે હસ્તે ગુરુદેવ શ્રી સ્નેહલભાઈ યુ. દવે, રૂ. ૨૫૦૦/- શ્રી યશવંતભાઈ દેસાઈ, રૂ. ૧૧૦૦/- શ્રી કનૈયાલાલ આર. પંડ્યા, રૂ. ૫૦૦/- શ્રી હિતેશભાઈ આઈ પંડ્યા, રૂ. ૫૦૦/- શ્રી ભાવનાબેન અમિતભાઈ ઠાકર, વિશેષ કેળવણી ફંડમાં શ્રી વિસર્ગ વિજયભાઈ ઠાકર તરફથી રૂ. ૧૧૦૦૧/- યોગદાન મળેલ છે. આ તમામ દાતાઓનો આભાર સહ અભિનંદન.

પ્રથમ વખત નવચંડી યજ્ઞનો પ્રયોગ કરેલ જેમાં જ્ઞાતિજનો તરફથી તેમજ દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ મળી રહેલ છે ત્યારે પ્રથમ નવચંડી યજ્ઞના દર્શન તેમજ પ્રવાસના સાક્ષી બન્યા છે તેઓ સૌને અભિનંદન.

વિશેષ સૌ જ્ઞાતિજનો તરફથી ગ્રુપમાં ચર્ચારૂપી ગણગણાટ દર વર્ષે નવચંડી યજ્ઞ સમાજ તરફથી થાય તેવું આયોજન થાય એવું અમે ઈચ્છે છે એવું સૌના મુખેથી ચર્ચાતું હતું. તો ચાલે હવે સમાજનો મોટામાં મોટો કાર્યક્રમ એટલે બાલાજી ઓચ્છવ તા. ૨૦-૪-૨૦૨૫ રવિવાર આપણે સૌ સાથે મળી ઉજવણીની તૈયારીઓમાં લાગી જઈએ. વધુ માહિતી વિગત સાથે વ્હોટસ એપ દ્વારા રાહ જોઈએ.

**ઉમેશભાઈ ઢગટ** — **દિનેશભાઈ જોષી**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તેમજ કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ સમાજ - નડિયાદ**

# શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

## અન્નપૂર્ણા સહાય યોજના

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ– ડાકોર સ્થિત જ્ઞાતિના જરૂરીયાદમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી આપવામાં આવે છે. આ માટે જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી અમારી સંસ્થાને સતત દાન–ફંડ મળતા રહ્યા છે. જેઓનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ મહિને આ યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી વિધીબેન વત્સલભાઈ કોટડીયા રૂ. ૧૫૦૧/– (૨) શ્રી હીરેનભાઈ હર્ષદરાય પંડ્યા પરિવાર રૂ. ૧૫૦૦૦/– (૩) સ્વ. શ્રી સુશીલાબેન મૂળશંકર ઠાકરના સ્મરણાર્થે શ્રી રોહીતભાઈ મૂળશંકર ઠાકરના હસ્તે (શ્રી દેવાંગ મહેતા ટ્રસ્ટ અંતર્ગત) રૂ. ૧૫૦૦૦/– (૪) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૩૫૦૦/–

## મહિલાઓને લગતો સેમીનાર

આગામી મે મહિનામાં શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા એક સેમીનારનું આયોજન કરવામાં આવેલુ છે. જેમાં મહિલાઓને લગતા હેલ્થના પ્રશ્નો, મુશ્કેલીઓ તથા તેમના અર્થે કરવામાં આવતા ઉપાયો પર ચર્ચા તથા ટીપ્સ આપવામાં આવશે. જે બહેનો આ સેમીનારમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓ સંસ્થાના મંત્રીશ્રી તૃપ્તીબેન જોષી ૯૮૨૫૦૦૯૮૫૧ તથા શ્રી જલ્પાજોષી ૭૩૮૩૯૩૧૭૪૨ પર પોતાના નામ રૂ. ૩૦નું જી–પે કરી નોધાવી લેશો. સમય અને સ્થળ આપના મોબાઈલ પર જાણ કરવામાં આવશે.

## ડાન્સ કોમ્પીટીશન

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે પણ સમસ્ત ગુજરાત માટે ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ છે. આ કોમ્પીટીશનમાં જ્ઞાતિના બાળકો, યુવાન યુવતીઓ, ભાઈઓ તથા મહિલાઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ ઉપર મુજબના શ્રી તૃપ્તીબેન જોષી તથા શ્રી જલ્પાબેન જોષીનાં મોબાઈલ પર પોતાના નામ નોંધાવી દેશો.

સમય – તા. ૧–૬–૨૦૨૫ને રવિવારે બપોરે ૨ થી ૭, સ્થળ – પુનીતાશ્રમ, મણીનગર, અમદાવાદ

## વટસાવિત્રી વ્રત ઉદ્યાપન


આગામી તારીખ ૧૦–૬–૨૦૨૫ના રોજ આ વટસાવિત્રી વ્રતઉદ્યાપનની ધાર્મિક વિધી સવારે ૮.૦૦ થી ૧૨.૩૦ વાગ્યે પુનીતાશ્રમ મુકામે યોજવામાં આવશે. આ વ્રત ઉજવવા ઈચ્છતા બહેનોએ પોતાના નામ તૃપ્તીબેન જોષી ૯૮૨૫૦૦૯૮૫૧ તથા શ્રી જલ્પાજોષી ૭૩૮૩૯૩૧૭૪૨ પર નોંધાવી દેવાના રહેશે. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૫–૬–૨૦૨૫ રહેશે. બહેનોએ સાથે લાવવાની સામગ્રી વસ્તુઓ, પૂજાના વાસણ, લોટો તરભાણુ, આચમની ચમચી દીવી, પાંચ દીવેટો, પાંચ ફળ, આસન, નેપકીન, માચીસ, ગુરૂદેવને આપવાનું વસ્ત્રદાન (શક્તિ મુજબ)

પુજાપો, ફરાળ અને ફૂલ સંસ્થા તરફથી આપવામાં આવશે.

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Sneh Dharmesh Bhatt |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 56 Kg. |
| Birth Date | : | 30-11-1995 |
| Birth Time | : | 08.28 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Master In Development Communication (MDC) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Ahmedabad |
| Mother Name | : | Margi Bhatt |
| Borther/Sisters | : | 1-Sister |
| Maternal Place | : | Mrs. Jyotsanaben Arunbhai Thaker-Bharuch |
| Father | : | Dharmesh Khushvadan Bhatt |
| Address | : | A-13, Shiv Tower, Satellite, Ahmedabad-380015 |
| Phone No. | : | 079-26925933 |
| Mobile No. | : | 9825711197 (Mother), 9408080808 (Father) |
| E-mail | : | dharmeshkbhatt@yahoo.co.in |
| Contact | : | Dharmesh Bhatt |
| Address | : | ISRO, Ahmedabad |
| Phone | : | 9825711197 (Mother), 9408080808 (Father) |
| Choice | : | Well Educated, Cultured, Well-Settled |
| Note | : | Sneh’s First Marriage Was Dissolved (Divorced) In an Extremely Short Time |
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Purva Bhadrapad |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Aadhya |
| Gan | : | Manushya |
| Varna | : | Shudra |
| Yoni | : | Simha |
| Varg | : | Manav |



નામ : ચિ. તત્સત્ સુશીલકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૫'' વજન : ૬૫ કિલો

જન્મતારીખ : ૧૯–૦૨–૧૯૯૭ જન્મસ્થળ : સુરત જન્મસમય : ૧૨.૫૦ બપોરે

અભ્યાસ : ઈલેક્ટ્રીકલ એન્જીનીયર

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : વ્યવસાય

માસિક આવક : રૂ. ૮૦૦૦૦/–

ગોત્ર : કૌશિક

રાશિ : કર્ક

નક્ષત્ર : પુનર્વસુ–૧–ચરણ

નાડી : આધ્ય


માતાનું નામ : વંદનાબેન સુશીલકુમાર ત્રિવેદી

ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત

પિતાનું નામ : સ્વ. સુશીલકુમાર ત્રિવેદી

સરનામું : બી–૩૦૪, ગોવિંદજી પાર્ક સોસાયટી, ઉમરગામ રોડ,
સરોજી નાયડુ ગાર્ડનની સામે, ઈચ્છાનાથ રોડ, સુરત

ફોન/મોબાઈલ : ૭૪૮૬૦૫૧૩૦૮, ૯૮૨૫૧૨૧૩૩૦




નામ : ચિ. હર્મીશ મેહુલકુમાર જોષી ઊંચાઈ : ૫'–૭'' વજન : ૯૨ કિલો

જન્મતારીખ : ૨૦–૦૮–૧૯૯૮ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૦૪.૧૬ બપોરે

અભ્યાસ : બી.ઈ. કમ્પ્યુટર એન્જીનીયરીંગ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૪૦,૦૦૦/–

ગોત્ર : પૌનષ

રાશિ : કર્ક

નક્ષત્ર : પુષ્ય

નાડી : મધ્ય


માતાનું નામ : મોનિકા મેહુલ જોષી

ભાઈ/બહેન : –

પિતાનું નામ : સ્વ. મેહુલ નવિનચંદ્ર જોષી


સરનામું : ૩૪, ચાણક્ય પાર્ક સોસાયટી, નિગમ બસ સ્ટેન્ડની બાજુમાં, ઘોડાસર,
અમદાવાદ–૩૮૦૦૫૦

ફોન/મોબાઈલ : ૯૭૨૪૬૮૩૮૫૮



| | | |
|---|---|---|
| Name | : | Chi. Dadhichi Arvindbhai Thaker |
| Height | : | 5’-10’’ |
| Weight | : | 75 Kg. |
| Birth Date | : | 15-08-1995 |
| Birth Time | : | 06.47 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | B.A., M.A., Rashtrabhasha Ratna, Ph.D. (Running) |
| Profession | : | Author, Lecturer, Editor, Announcer, Journalist (#Find on Facebook) + Job |
| Monthly Income | : | Rs. 45000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Nilamben Arvindbhai Thaker |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Anand |
| Father | : | Arvindbhai Vishnuprasad Thaker |
| Address | : | 24, Bajkhedawal Society, Nr. Kashivishwanath Temple, Maninagar (East), Ahmedabad-380008 |
| Phone No. | : | 079-22721243 |
| Mobile No. | : | 9429069441, 9408705959 (Whats App) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Revati |
| Rashi | : | Min |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Brahman |
| Yoni | : | Gaj |
| Varg | : | Sarp |



## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810